૧૧/૦૧/૨૦૨૧

પ્રતિ,
શ્રી જયદ્રથસિંહ પરમાર,
માનનીય મંત્રીશ્રી, પર્યાવરણ વિભાગ,
સ્વર્ણિમ સંકૂલ - ૨,
નવા સચિવાલય, ગાંધીનગર.

**વિષય : બાંધકામ ક્ષેત્રમાં એન્વાયરમેન્ટ કલીયરન્સ પધ્ધતિ વિસંગતતા બાબતે**

મહાશયશ્રી,

સવિનય ઉપરોકત વિષયે જણાવવાનું કે બાંધકામ ક્ષેત્રમાં એન્વાયરમેન્ટ કલીયરન્સ મેળવવા માટે જે વિગતોની પૂર્તતા કરવાની હોય છે. તે અંગે આ સાથે સામેલ વિસ્તૃત વિગતનાં મુદ્દા અંગેની પૂર્તતા અથવા ચકાસણી અન્ય ઓથોરીટીમાં થતી હોવા છતાં પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાંથી કલીયરન્સ મેળવવાના કામે પણ આવી પૂર્તતા કરવાની થતી હોય છે. જેથી કાર્યવાહી સરળતા કરવા અર્થે વિનંતિ છે.

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **સુરેશ પટેલ** | **રવજીભાઇ પટેલ** | **વિજય ધામેલિયા** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્મંત્રી** |
| **ક્રેડાઇ સુરત** | **ક્રેડાઇ સુરત** | **ક્રેડાઇ સુરત** |

સાદર રવાના :

પ્રતિ,
ચેરમેનશ્રી / સભ્ય સચિવશ્રી,
ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ,
ગાંધીનગર.

| અનુ નં. | વિષયો | કમિટી ફોકસ | અમારા સૂચનો | કન્સર્ન માર્ગદર્શિકા / ધોરણો / નિયમો |
|---|---|---|---|---|
| 1. | એસ.ટી.પી. (સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) સુવિધા | EC ની સામાન્ય આવશ્યકતાઓ મુજબ, દરેક અને દરેક વ્યક્તિગત પ્રોજેક્ટને તેમના વિકાસ પરિસરમાં તેમની પોતાની ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ સુવિધા વિકસાવવી જોઈએ. | • અમારા સંબંધિત શહેરી સ્થાનિક સંસ્થાઓએ શહેરોમાં નવીનતાઓ સાથે શ્રેષ્ઠ રીતે બેસ્ટ વોટર ટ્રીટમેન્ટ સુવિધા વિકસાવી છે અને તેના દ્વારા તેઓ બાયોગેસ જેવી ઉર્જા ઉત્પન્ન કરે છે.<br>• ટ્રીટમેન્ટથી સીધા ગટરના પાણીનો ઉપયોગ રીસાયકલ પ્રોસેસ, પુનઃ ઉપયોગ કરે છે અને તેના ઉપયોગ માટે ઔદ્યોગિક વિસ્તારોમાં પાણીનો સપ્લાય કરે છે. શહેરી સ્થાનિક સંસ્થાઓ સ્થાનિક લોકો પાસેથી આ સુવિધાઓ માટે પહેલાથી જ મિલકત વેરો લે છે.<br>• વ્યક્તિગત સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ વધુ વધુ લાંબા સમય સુધી સારી રીતે કાર્યરત રહેતા નથી અને તેનાથી તે આ વિકસિત સુવિધાઓને અસર કરશે અને વિકસિત સિસ્ટમની કાર્યક્ષમતાના સ્તરને ઘટાડશે. | |
| 2. | ફાયર નિયમન અને સંચાલન | સંબંધિત સત્તા પાસેથી ફાયર અભિપ્રાય / રેખાંકનોની માંગ. | • દરેક શહેરી સ્થાનિકમાં ફરજિયાત પ્લાન પાસ પ્રક્રિયા હોય છે જેમાં તમામ ફાયર એન્ડ સેફ્ટી કાયદા , ધારાધોરણો, નિયમો અને નિયમન દરેક પ્રોજેક્ટના પ્રસ્તાવક દ્વારા અનુસરવું ફરજિયાત છે તે વિના કોઈ પણ યોજના સત્તાવાળાઓ મંજુર કરતા નથી.<br>• આવા વિષયો પ્રક્રિયાને અસર કરે છે અને વધુ સમય લે છે તેના કરતા EC શરતોમાં ફરજીયાતપણે જરૂરિયાત હોય તેવી કંડીશનમાં વધારે ધ્યાન આપી શકાય. | (ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેજર્સ એક્ટ – ૨૦૧૩ – વિથ રેગ્યુલેશ – ૨૦૧૬) |
| 3. | CER પ્રવૃત્તિઓ | CER માટેની ડીમાન્ડ પ્રોજેક્ટ કોસ્ટના ૨% ડીમાન્ડ અને તેની | • (કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી પોલિસી) નિયમો, ૨૦૧૪ ફક્ત ત્યારે જ અમલમાં આવે છે જ્યારે કંપનીઓ ઓપરેટિંગ પ્રોજેક્ટ્સ | ઓફિસ મેમોરેન્ડમ GOI દ્વારા તા 1/5/2018 F.NO |

| | | | | |
|---|---|---|---|---|
| | | **માટે પ્રોજેક્ટના તમામ હિસાબો અને લીગલ ડોક્યુમેન્ટ્સ આપવાના હોય છે.** | ધરાવે છે અને ચોખ્ખો નફો કરે છે તેમ જ ઉપરોક્ત અધિનિયમ અને નિયમોમાં સમાવિષ્ટ અન્ય શરતોને આધિન છે.<br>• અમે પ્રારંભિક તબક્કે ભાવિ પરિસ્થિતિઓની આગાહી કરી શકતા નથી અને સંપૂર્ણ બાયફર્કેસન કરવા અને કાનૂની વિશિષ્ટતા માટે તે થોડું જટિલ પણ છે. કારણ કે પરિસ્થિતિ બદલાઇ શકે છે અને આ પ્રવૃત્તિઓ સંપૂર્ણ રીતે મેળવેલા ચોખ્ખા નફા પર આધારિત છે અને ખર્ચના 2% પ્રોજેક્ટ ખર્ચને બદલે ચોખ્ખા નફાના ખર્ચમાંથી કાપવા જોઈએ.<br>• કાનૂની વિશિષ્ટતા અને બાયફર્કેસનની માંગણી થવી જોઈએ નહીં કારણ કે આ ફક્ત ભવિષ્યની સ્થિતિ આધારિત યોજના છે. | 22-65/2017- IA. III પર્યાવરણ મંત્રાલય, વન અને આબોહવા પરિવર્તન અસર આકારણી વિભાગ. |
| **4.** | પાર્કિંગ | **ફક્ત નેશનલ બિલ્ડિંગ કોડ (એનબીસી) ના ધોરણો પર ફોકસ** | • શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગ દ્વારા પ્રકાશિત. - ગુજરાત રાજ્ય તેના આયોજન, ધારાધોરણ, નિયમો ધરાવે છે (કોમ્પ્રીહેન્સીવ જનરલ ડેવલોપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન-૨૦૧૭ જે ઓક્ટોબર, ૨૦૧૯ સુધીમાં સુધારેલ છે).<br>• ઘણા રાજ્યોમાં તેના પોતાના આયોજન નિયમો હોય છે અને અમારા સૂચન મુજબ રાજ્યોના નિયમોને પહેલા ધ્યાનમાં લેવું જોઈએ અને એનબીસીના ધોરણો એવા સ્થળો/રાજ્યોમાં લાગુ હોવા જોઈએ કે જેમાં કોઈ જનરલ આયોજન નિયમો નથી.<br>• રાજ્યના આયોજનના નિયમો વિકાસ માટે સચોટ અને તે મુજબ રચવા જોઈએ. જે કદાચ પર્ટીક્યુંલર રાજ્યના નિયમો અને શરતો સાથે થઈ શકે.<br>• GDCR મુજબ જ પાર્કિંગનો આગ્રહ રાખવો. | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા પ્રકાશિત, વ્યાપક સામાન્ય વિકાસ નિયંત્રણ નિયંત્રણ નિયમો- 2017 ઓક્ટોબર 2019 સુધી સુધારેલ છે. |